**આણંદ કૃષિ યુનિવર્સિટીના જી.પી.એફ. ખાતાધારક કમચારીઓની વર્ષ : ૨૦૧૮-૧૯ ની પી.એફ. સ્લીપો તેમજ આવકવેરા ફોર્મ-૧૬ મેળવી લેવા બાબત......**

# હિસાબ નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ – ૩૮૮૧૧૦

## -:: પરિપત્ર ::-

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપની કચેરી ખાતે ફરજ બજાવતાં તેમજ જી.પી.એફ. એકાઉન્ટ ધરાવતાં તમામ કર્મચારીઓની વર્ષ : ૨૦૧૮-૧૯ ની પી.એફ. સ્લીપો તૈયાર થઇ ગયેલ છે. જેથી આપની કચેરી ખાતે પગારબીલની કામગીરી સંભાળતાં કર્મચારીએ ફેબ્રુઆરી-૨૦૧૯ના પગારબીલ મુજબના કર્મચારીઓના એમ્પ્લોય નંબર, જી.પી.એફ. નંબર અને નામની યાદી તૈયાર કરી તે મુજબના કર્મચારીઓની પી.એફ. સ્લીપો **તા.૧૫/૦૬/૨૦૧૯ સુધીમાં** અત્રેની કચેરીની પી.એફ. શાખામાંથી રૂબરૂમાં મેળવી લેવા જણાવવામાં આવે છે તેમજ જો કોઇ કર્મચારીની પી.એફ. કપાતમાં ભૂલ જણાય તો **તા.30/0૬/૨૦૧૯** સુધી આધાર સહિત અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે. ત્યારબાદ કોઇપણ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવા વિનંતી. સદર કર્મચારીની પી.એફ. સ્લીપોને એક નકલ આપની કચેરીના રેકર્ડમાં રાખવાની રહેશે તેમજ જરૂર જણાય ત્યાં તે અંગેની નોંધ કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, આપની કચેરીમાં નિયમિત મહેકમ ઉપર ફરજ બજાવતાં હોય તેવા કર્મચારીઓ તથા રીસર્ચ ફેલોના આવકવેરા ફોર્મ-૧૬ અત્રેની કચેરીએથી **તા.૧૫/૦૬/૨૦૧૯** સુધીમાં મેળવી લેવાના રહેશે તથા જેમાં કોઇ ભૂલ હોય તો જે તે કચેરી મારફતે જ અત્રેની કચેરીને **તા.30/0૬/૨૦૧૯** સુધીમાં આધાર સહિત ફોર્મ-૧૬ સુધારા માટે મોકલી આપવાના રહેશે. સદર કર્મચારીના આવકવેરા ફોર્મ-૧૬ની એક નકલ આપની કચેરીના રેકર્ડમાં રાખવાની રહેશે તેમજ જરૂર જણાય ત્યાં તે અંગેની નોંધ કરવાની રહેશે.

**હિસાબ નિયામક**

**જા.નં. આકૃયુ/હિ.નિ./પી.એફ./ ૬૬૭૩ /૨૦૧૯**
**તા. ૧૦/૦૬/૨૦૧૯**

**નકલ સવિનય રવાના :**

યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રી (તમામ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા ઘટતું થવા સારું.